આકાશવાણી ભુજ

સમાચાર વાચક : કલ્પના શાહ

ડીઇઓ : પ્રદિપ ચાવડા

તારીખ : **10-05-2024** સમય : સવારે **6.50** વાગ્યે

---

# રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ યજ્ઞ પુરસ્કારો એનાયત કર્યા

રાષ્ટ્રપતિ દ્રૌપદી મૂર્મુએ નવી દિલ્હી ખાતે પદ્મ પુરસ્કારો એનાયત કર્યા હતા. રાષ્ટ્રપતિ ભવન ખાતે આયોજીત આ સમારોહમાં 65 જેટલી હસ્તીઓને પદ્મ પુરસ્કારો એનાયત કરવામાં આવ્યા હતા. પદ્મ પુરસ્કાર વિતરણનો આ બીજો સમારોહ છે. પદ્મ પુરસ્કાર દેશનું સર્વોચ્ચ નાગરિક સન્માન છે. ગઇકાલના કાર્યક્રમમાં ગુજરાતના પ્રતિષ્ઠિત સાહિત્યકાર રઘુવીર ચૌધરીને પદ્મ શ્રી પુરસ્કાર એનાયત કરવામાં આવ્યો હતો. તેમને સાહિત્ય અને શિક્ષણ જગત ક્ષેત્રે પ્રદાન બદલ આ પુરસ્કાર જાહેર કરાયો હતો. આ ઉપરાંત કુંદનભાઇ વ્યાસને પત્રકારત્વ ક્ષેત્રે છ દાયકાથી વધુના યોગદાન માટે સાહિત્ય તથા શિક્ષણ ક્ષેત્રના પદ્મભૂષણ પુરસ્કાર એનાયત કરાયો હતો.

**RNU** અમદાવાદ

---

## દાહોદ લોકસભા બેઠક માટે પુન: મતદાન

દાહોદ લોકસભા બેઠકના સંતરામપુર વિધાનસભા મતવિસ્તારના પરથમપુરા મતદાન કેન્દ્રમાં 11મી મેના રોજ પુનઃ મતદાન યોજાશે.

રાજ્યના સંયુક્ત મુખ્ય ચૂંટણી અધિકારી એ.બી. પટેલે ગાંધીનગરમાં પત્રકાર પરિષદને સંબોધતાં જણાવ્યું હતું કે, આ મતદાન કેન્દ્રમાં અનિયમિતતા અંગેની ફરિયાદ મળી હતી. રિટર્નિંગ ઓફિસર અને ઓબ્ઝર્વરના મતદાનમાં અનિયમિતતા અંગેના અહેવાલને ધ્યાનમાં રાખીને પુનઃ મતદાનનો ચૂંટણીપંચે નિર્ણય કર્યો છે. હવે 11મી મેના રોજ સવારે સાતથી સાંજના છ વાગ્યા સુધી આ મતદાન મથકમાં પુનઃ મતદાન યોજાશે.

**RNU અમદાવાદ**

---------------------------------------------------------------------------

## ગુજરાત રાજ્ય યોગ બોર્ડ દવ્રા સમર યોગ કેમ્પ

ગુજરાત રાજ્ય યોગ બોર્ડ દ્વારા સાતથી વર્ષના બાળકો માટે 15 સમર યોગ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે આજે રાજ્યમાં 200 .જેટલા સ્થળોએ યોજાશે

ગુજરાત રાજ્ય યોગ બોર્ડના અધ્યક્ષ યોગ સેવક શીશપાલે જણાવ્યું છે કે બાળકો ,મોબાઇલથી દૂર રહે અને વધુમાં વધુ યોગ સાથે જોડાય તે માટે આ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે.

---

## આજે પરશુરામ જયંતીની ઉજવણી

આજે પરશુરામ જયંતિ અને અખાત્રીજના પર્વો પરંપરાગતરીતે ઉજવાઈ રહ્યા છે. ભગવાન પરશુરામ વિષ્ણુના અવતાર હતા ભારતીય ક્રાંતિના દાર્શનિક પરશુરામે સમાજમાં પ્રવર્તતી અંધશ્રધ્ધા વિરુદ્ધ સંઘર્ષ કર્યો હતો. જિલ્લાભરમાં આજે પરશુરામ જયંતિ નિમિતે વિવિધ ધાર્મિક કાર્યક્રમો યોજાશે. ભુજ અને અન્ય સ્થળે શોભાયાત્રાનું આયોજન થયું છે.

ચંદ્રવદન પટ્ટણી

---

## આજે અક્ષય તૃતિયાનું પર્વ

આજે અક્ષય તૃતીયા એટલે કે અખાત્રીજનું પર્વ ઉજવાઈ રહ્યું છે. ભારતીય સંસ્કૃતિમાં આ પર્વનો અનેરો મહિમા છે. આજે વિવિધ શુભ કાર્યો માટે વગર પૂછ્યું સારું મૂહુર્ત મનાય છે. લગ્ન માટેનું શ્રેષ્ઠ મુહૂર્ત હોઇ આજે સમૂહ લગ્નોનાં આયોજન થાય છે. ભુજ અને અન્ય સ્થળે સમૂહ લગ્નો યોજાશે.

ચંદ્રવદન પટ્ટણી

---

## ક્રીકેટ

આઇપીએલની મહત્વની મેચમાં  રોયલ ચેલેન્જર બેંગાલુરુની ટીમે પંજાબ કિંગ્સની ટીમ ને 60 રનથી હરાવી પ્લેઓફમાં પ્રવેશની આશા જીવંત રાખી છે. ગઈકાલની મેચમાં બેંગલુરુ ટીમે 7 વિકેટના ભોગે 241 રન કર્યા હતા. જવાબમાં પંજાબની ટીમ 181 રનમાં આઉટ થતા પ્લેઓફની રેસમાંથી નીકળી ગઈ છે.

ચંદ્રવદન પટ્ટણી

--------------------------------------------------------------------

## કેદારનાથ, ગંગોત્રી, યમનોત્રીના કપાટ આજે ખૂલશે

ઉત્તરાખંડમાં વિશ્વ પ્રસિધ્ધ યાત્રાધામ કેદારનાથ, ગંગોત્રી અને યમનોત્રીના કપાટ **આજે**  શ્રધ્ધાળુઓ માટે ખોલવામાં આવશે. આ સાથે જ ચારધામ યાત્રાનો **પ્રારંભ થશે.** આ શુભ પ્રસંગે ત્રણેય યાત્રાધામોને ફુલોથી સજાવવામાં આવ્યા છે. **12**મેનાં રોજ ભગવાન બદ્રી વિશાલનાં કપાટ ખૂલશે**. અત્રે જણાવીએ કે,** ચાર ધામ યાત્રા માટે અત્યાર સુધી 22 લાખથી વધુ શ્રધ્ધાળુઓ નોંધણી કરાવી ચૂક્યા છે.

**RNU** અમદાવાદ

--------------------------------------------------------------------

## હવામાન-હીટવેવની આગાહી

રાજ્યના મોટાભાગના વિસ્તારોમાં યલો એલર્ટ જાહેર કરાયેલું છે. ત્યારે હવામાન વિભાગે કચ્છમાં હીટવેવની આગાહી કરી છે. અમદાવાદમાં 43 ડિગ્રી મહત્તમ તાપમાન નોંધાતા રાજ્યનું સૌથી ગરમ શહેર રહ્યું હતું. વડોદરામાં 41.2 ડિગ્રી સુરતમાં 34.6 ડિગ્રી રાજકોટમાં 42.4 ડિગ્રી મહત્તમ તાપમાન નોંધાયું હતું.

**RNU અમદાવાદ**

---------------------------------------------------------------------